ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

૯૮

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E.C.- Minuets (12) 26th Mar '12 /૨૦૧૧ -૧૨/ 582 to 593 તા. ૦૫ /૦૫ /'૧૨

પ્રતિ,
ડૉ.પ્રો.શ્રી બી.એસ.પટેલ.
ડીનશ્રી, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા તથા
અધ્યક્ષશ્રી અને પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
Mob. No. – 94263 61729

**વિષય :** ગત તારીખ ૨૬મી એપ્રિલ '૨૦૧૨નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૬મી એપ્રિલ '૨૦૧૨**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તેરમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

I/c **કુલસચિવ**

બિડાણ : ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૧૨નાં રોજ સવારે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની તેરમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૧૨ને ગુરૂવારનાં સવારે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તેરમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. —સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

## ૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

ગત તારીખ ૨૬મી માર્ચ ૨૦૧૨ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૨ : પર ચાલુ..



Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨૬મી માર્ચ ૨૦૧૨ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

**૨. યુનિવર્સિટી કેમ્પસ પર ચલાવવામા આવતા એમ.બી.એ. અભ્યાસક્રમ માટે બ્લોક –'સી' ફાળવવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ કરાયેલ એમ.બી.એ. અભ્યાસક્રમ હાલે, યુનિવર્સિટીના એકેડેમિક બ્લોક –'સી' ખાતે કાર્યરત છે. સદર અભ્યાસક્રમ વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હી દ્વારા માન્ય કરાયેલ છે માટે તેના નિયમોનુસાર એકેડેમિક બ્લોક –'સી' લેખીતમાં ફાળવવાનો રહે છે જે માટે નિર્ણય લેવા બાબત ચર્ચા કરી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ :** **યુનિવર્સિટી કેમ્પસ પર વર્ષ ૨૦૦૯–૧૦થી ચાલતા એમ.બી.એ. પ્રોગ્રામની માન્યતા એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હીએ આપેલ છે. વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણો પરિપૂર્ણ કરવાની જરૂરિયાતના ભાગ રૂપે એમ.બી.એ. પ્રોગ્રામ માટે યુનિવર્સિટીનો 'સી' બ્લોક ફાળવવા સર્વાનુમતે ઠરાવવામા આવે છે.**

**૩. યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાનાં ધોરણે ચલાવવામા આવતા એમ.સી.એ. અભ્યાસક્રમ માટે બ્લોક –'ડી' ફાળવવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરાયેલ એમ.સી.એ. અભ્યાસક્રમ હાલે, યુનિવર્સિટીના એકેડેમિક બ્લોક –'ડી' ખાતે કાર્યરત છે. સદર અભ્યાસક્રમ વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હી દ્વારા માન્ય કરાયેલ છે માટે તેના નિયમોનુસાર એકેડેમિક બ્લોક –'ડી' લેખીતમાં ફાળવવાનો રહે છે તે બાબત ચર્ચા કરી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** **શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી ચાલતા યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા એમ.સી.એ. પ્રોગ્રામની માન્યતા એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હી દ્વારા મળેલ છે. વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણો પરિપૂર્ણ કરવાની જરૂરિયાતના ભાગ રૂપે એમ.સી.એ. પ્રોગ્રામ માટે યુનિવર્સિટીનો 'ડી' બ્લોક ફાળવવા સર્વાનુમતે ઠરાવવામા આવે છે.**

**૪. યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા એમ.સી.એ. અભ્યાસક્રમ માટે કાયમી શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી ખાતે ચાલતા એમ.સી.એ. પ્રોગ્રામની એ.આઈ.સી.ટી.ઈ.ની માન્યતા મળેલ છે. એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણો પરિપૂર્ણ કરવાની જરૂરિયાતના ભાગ રૂપે કાયમી શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત રહે છે. આ બાબતને ધ્યાને લેતાં ચર્ચા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

પાના નંબર : ૩ : પર ચાલુ..

**ઠરાવ : ૪ :** યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હીની માન્યતા મેળવીને ચાલતા એમ.સી.એ.પ્રોગ્રામના કાયમી શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત પરિપૂર્ણતા માટે યુનિવર્સિટી ખાતે કાર્યરત કાયમી કર્મચારીઓ માંથી, ડૉ બાલાજી રંગનાથન – એસોસિયેટ પ્રોફેસર,અંગ્રેજી ભાષા ભવનને એસોસિયેટ પ્રોફેસરની જગ્યા માટે તથા શ્રી અમર મહેતાને આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા માટે એમ.સી.એ. પ્રોગ્રામમાં ડેપ્યુટેશન પર મૂકવાનું ઠરાવવામા આવે છે.

૫. **યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા એમ.સી.એ. અભ્યાસક્રમ માટે કોમ્પ્યુટર લેબ ફાળવવા બાબત :**

યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હીની માન્યતા મેળવેલ એમ.સી.એ. પ્રોગ્રામ ચાલે છે. સદર પ્રોગ્રામના એ.આઈ.સી.ટી.ઈના ધારાધોરણોના પરિપાલનની જરૂરિયાતના ભાગ રૂપે જરૂરી કોમ્પ્યુટર લેબ લેખીત સ્વરૂપે ફાળવણી કરવાની રહે છે આ બાબતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** યુનિવર્સિટી ખાતે એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હીની માન્યતા મેળવીને ચાલતા એમ.સી.એ.પ્રોગ્રામની એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણોના પરિપાલનની જરૂરિયાતના ભાગ રૂપે જરૂરી કોમ્પ્યુટર લેબ જે કોમ્પ્યુટર સેન્ટરમા ચાલે છે તે એમ.સી.એ.પ્રોગ્રામ માટે ફાળવણી આવે છે.

૬. **એમ.બી.એ. અભ્યાસક્રમ માટે અન્ય વ્યવસ્થા ઉભી કરવા બાબત :**

**ઠરાવ : ૬ :** એમ.બી.એ. અભ્યાસક્રમ સંદર્ભે આવતા યુનિવર્સિટી ખાતે મહાનુભવોના રોકાણ વ્યવસ્થા માટે યુનિવર્સિટી ગેસ્ટના રૂમ નંબર ૧ થી ૪ તથા આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર બહારના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ વ્યવસ્થા ઉભી કરવા માટે કેમ્પસ પર કાર્યરત થયેલ બોયસ હોસ્ટેલના ૦૯ (નવ) રૂમો તથા ગર્લ્સ હોસ્ટેલના પણ ૦૯ (નવ) રૂમો ફાળવવા આથી ઠરાવવામા આવે છે.

૭. **એમ.સી.એ. અભ્યાસક્રમ માટે અન્ય વ્યવસ્થા ઉભી કરવા બાબત :**

**ઠરાવ : ૭ :** એમ.સી.એ. અભ્યાસક્રમ સંદર્ભે આવતા યુનિવર્સિટી ખાતે મહાનુભવોના રોકાણ વ્યવસ્થા માટે યુનિવર્સિટી ગેસ્ટનો રૂમ નંબર ૫ થી ૯ તથા આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર બહારના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ વ્યવસ્થા ઉભી કરવા માટે કેમ્પસ પર કાર્યરત થયેલ બોયસ હોસ્ટેલના ૦૯ (નવ) રૂમો તથા ગર્લ્સ હોસ્ટેલના પણ ૦૯ (નવ) રૂમો ફાળવવા આથી ઠરાવવામા આવે છે.

૮. **અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

(૧) યુનિવર્સિટી ખાતે એ.આઈ.સી.ટી.ઈની માન્યતા મેળવીને એમ.સી.એ. અને એમ.બી.એ. પ્રોગ્રામ ચલાવવામા આવે છે. સદર બંને પ્રોગ્રામ માટે એ.આઈ.સી.ટી.ઈના ધારાધોરણોનુ

પાના નંબર : ૪ : પર ચાલુ..

પરિપાલન કરવાનું હોય છે. એ. આઈ. સી. ટી. ઈ. ના ધારાધોરણોનું પરિપાલન કરવા માટે અવારનવાર કેટલાક ઝડપી નિર્ણયો લેવા જરૂરી હોય છે. સદર નિર્ણયો લેવા માટે એક્ઝિક્યુટીવકાઉન્સિલની મિટિંગ મળવા સુધી રાહ જોવી પડે છે અથવા સત્વરે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ બોલાવવી પડે છે.આ બાબત ધ્યાને રાખી નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ : ૮ :** **યુનિવર્સિટી ખાતે એ.આઈ.સી.ટી.ઈ.,ન્યુ દિલ્હીની માન્યતા મેળવીને ચાલતા એમ.સી.એ.અને એમ.બી.એ. પ્રોગ્રામ માટે એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણોના પરિપાલનની જરૂરિયાતના ભાગ રૂપે સત્વરે લેવાના થતા નિર્ણયો લઈને તેના અમલીકરણ માટેની સત્તાઓ માનનીય કુલપતિશ્રીને આપવામા આવે છે અને તેની જાણ ત્યાર પછી મળનાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગમાં કરવી તેવું ઠરાવવામાં આવે છે.**

(૨) કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજને યુ.જી.સી. ૧૨(બી)ની માન્યતા મળવાની બાકી છે તેવા સંજોગોમાં ૧૨મી યોજના માટેની યુ.જી.સી. ગ્રાન્ટ મેળવવાની દરખાસ્ત તૈયાર કરીને યુ.જી.સી.ને મોકલી આપવામાં આવે તો યુ.જી.સી.ની વિચારાધીન ૧૨(બી)ની માન્યતા મળ્યા પછી તરત જ તે દરખાસ્ત ઉપર વિચારણા હાથ ધરીને યુ.જી.સી. ગ્રાન્ટ મેળવવાની એક દૂરંદેશી દરખાસ્ત તૈયાર કરીને યુ.જી.સી.ને મોકલી આપવામાં આવેલ છે તે બાબતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ : ૯ :** **કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજની યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવવા માટેની (૨૦૧૨–૧૭) ની ૧૨મી યોજના અંતર્ગતની દરખાસ્ત યુ.જી.સી.,ન્યુ દિલ્હીને મોકલાવી આપેલ છે તેની બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.**

(૩) શ્રી જયંતભાઈ માધાપરિયા દ્વારા રજૂ કરાયેલ અરજીમાં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી ખાતે ચાલતા એમ.પી.એ.અભ્યાસક્રમને પૂર્ણ કરીને મળતી એમ.પી.એ.ની ડીગ્રીને સરકારી નોકરી મેળવવાની અરજીઓ કરવા માટેની માન્ય ડીગ્રીઓની યાદીમાં સામેલ કરવા અંગે સરકારશ્રીને રજૂઆત કરવા બાબતે ચર્ચા વિચારણા ને અંતે નીચે મુજબ ઠરાવવામા આવ્યુ.

**ઠરાવ : ૧૦ :** **યુનિવર્સિટી ખાતે ચાલવવામાં આવતા એમ.પી.એ. અભ્યાસક્રમ પૂર્ણ કરીને મળતી એમ.પી.એ.ની ડીગ્રી સરકારી નોકરી મેળવવા માટેની માન્ય ડીગ્રી ગણવા માટે સરકારશ્રીમાં રજૂઆત કરવાનું ઠરાવવામાં આવે છે.**

(૪) યુનિવર્સિટી ખાતેકચ્છી ચેરના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ તા. ૭/૪/'૧૨ના રોજ રાખવામાં આવેલ.તે દિવસે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી મારફતે રજીસ્ટ્રારશ્રી તથા કચ્છ સંસ્કૃતિ

પાના નંબર : ૪ : ૫૨ ચાલુ..

દર્શન આર.આર. ટ્રસ્ટ સંચાલિત ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન મારફતે પ્રમુખ-ટ્રસ્ટી વચ્ચે કરવામાં આવેલ કરાર ઉપર ચર્ચા વિચારણા કરી તના અમલીકરણ બાબતેનીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

<u>**ઠરાવ : ૧૧ :**</u> **કચ્છ યુનિવર્સિટી દ્વારા સ્થાપના કરવામાં આવેલ "કચ્છી ચેર" અને ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન,ભુજ પરસ્પર સહયોગથી કચ્છી સંસ્કૃતિના જતન,વિકાસ અને સંશોધન માટે પ્રયત્નો કરી શકે તે ઉદ્દેશથી બંને પક્ષકારો વચ્ચે થયેલ સહમતી કરાર (MOU) તા. ૭/૪/'૧૨ના રોજ કરવામા આવેલ છે. સદર કરાર ઉપર ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી,ભુજ વતી ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ.બી.એસ.પટેલ મારફત અને કચ્છ સંસ્કૃતિ દર્શન આર.આર.ટ્રસ્ટ (રજી.નં. ૪૪૩/કચ્છ તા. ૧૬/૬/૧૯૭૭) સંચાલિત ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન (રજી.નં. ૧૪૬/કચ્છ તા. ૮/૧૦/૯૩) વતી પ્રમુખ/ટ્રસ્ટી ભારતેન્દુભાઈ પરમાર મારફત સહી કરવામાં આવેલ છે. ત્રણ પૃષ્ટ ઉપર થયેલા આ MOU ની તમામ ૧૨ શરતોને બહાલી આપવામાં આવે છે અને તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel

I/C.Registrar
K.S.K.V. Kachchh Univer
Bhuj-Kachchh.